Seat No. : ______________

# MN-129

**March-2019**

**B.A., Sem.-VI**

**CC-312 : Gujarati**

**(ભાષાવિજ્ઞાન)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (અ) મહત્ત્વના પરિબળો સાથે ગુજરાતી ભાષાના શબ્દભંડોળના વિકાસનો સોદાહરણ ખ્યાલ આપો. **14**

**અથવા**

(1) ટૂંકનોંધ લખો : અંગવિસ્તારક પરપ્રત્યયો.

(2) ટૂંકનોંધ લખો : ફારસી અંગસાધક પ્રત્યયો.

(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેના વૈકલ્પિક પ્રશ્નોના ઉત્તર આપો : **4**

(1) ગુજરાતી શબ્દભંડોળના જે શબ્દોના મૂળ સંસ્કૃત ભાષા સાથે નથી જોડાતા, તેવા શબ્દોને શું કહે છે ?

(ક) તત્સમ (ખ) તદ્ભવ (ગ) દેશ્ય

(2) ગુજરાતી શબ્દભંડોળમાં પ્રવેશેલા નીચેના શબ્દમાંથી કયા શબ્દનું મૂળ ફારસી શબ્દ નથી ?

(ક) તંદુરસ્તી (ખ) બાલદી (ગ) હલવો

(3) નીચેના શબ્દોમાંથી કયો શબ્દ 'વિ' પ્રત્યય લાગવાથી અભાવનો અર્થ ધરાવે છે ?

(ક) વિજ્ઞાન (ખ) વિશિષ્ટ (ગ) વિધવા

(4) નીચેનામાંથી કયો શબ્દ 'નામ'ને પરપ્રત્યય લાગવાને કારણે સધાયેલું વિશેષણ છે ?

(ક) ઘડપણ (ખ) ઘાટીલું (ગ) આશ

2. (અ) સમાસ રચના એટલે શું ? તે જણાવી તેના વિવિધ પ્રકારનો સોદાહરણ ખ્યાલ આપો. **14**

**અથવા**

(1) ટૂંકનોંધ લખો : રવાનુકારી શબ્દો અને દ્વિરુક્ત પ્રયોગ

(2) ટૂંકનોંધ લખો : ગુજરાતી ભાષાના સંયોજકો અને ઉદ્ગારવાચકો

(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો : **3**

(1) 'તેમણે મને મારા કાર્યમાં સહાય કરવાનું <u>પણ</u> વચન આપ્યું.' - વિધાનમાં અધોરેખિત ઘટકનો મોભો જણાવો.

(ક) સંયોજક (ખ) નિપાત (ગ) કૃદન્ત

(2) 'ધનદોલત', 'રદબાતલ' વગેરેમાં શેનું પુનરાવર્તન ધરાવતો દ્વિરુક્તપ્રયોગ છે ?

(ક) ધ્વનિ એકમનું (ખ) અર્થ એકમનું (ગ) સંયોજકનું

(3) 'દાદા-દાદી સૂતાં હતાં તે રૂમમાં તિજોરી ખોલવા માસ્ટર કી <u>લઈને</u> તસ્કરો પ્રવેશ્યા' – વાક્યમાં અધોરેખિત કૃદન્તનો પ્રકાર જણાવો.

(ક) વિધ્યર્થ કૃદન્ત (ખ) સંબંધક કૃદન્ત (ગ) વર્તમાન કૃદન્ત

3. (અ) ગુજરાતી ભાષાના વિભક્તિતંત્રનો વિગતે સોદાહરણ પરિચય આપો. **14**

**અથવા**

(1) ટૂંકનોંધ લખો : વિકારી અવિકારી નામ અને વિશેષણ

(2) ટૂંકનોંધ લખો : ગુજરાતી વચન વ્યવસ્થા અને તેના પ્રયોગક્ષેત્રો

(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેના વૈકલ્પિક પ્રશ્નોના ઉત્તર આપો : **4**

(1) 'વડે', 'થકી', 'સારુ' વગેરે જેવા રૂપો કયા વ્યાકરણી વર્ગના સભ્ય છે ?

(ક) વિશેષણ (ખ) અનુગ (ગ) નામયોગી

(2) નીચેનામાંથી કઈ શબ્દ જોડમાં લિંગભેદે 'કોમળતા'ની અર્થછાયા ઉમેરાય છે ?

(ક) ગોટલો-ગોટલી (ખ) કિનારો-કિનારી (ગ) પાંદડું-પાંદડી

(3) ગુજરાતી કૃદન્તોમાં કયા પ્રકારનો કૃદન્ત 'ત' પ્રત્યય લે છે ?

(ક) ભૂતકૃદન્ત (ખ) વર્તમાનકૃદન્ત (ગ) ભવિષ્યકૃદન્ત

(4) નીચેનામાંથી અવિકારી સંજ્ઞા ઓળખાવો :

(ક) આંગણું (ખ) ગરનાળું (ગ) આદુ

4. (અ) વાક્ય એટલે શું તે જણાવી વાક્યના રચનાગત (સાદી, સંયુક્ત આદિ) વાક્યપ્રકારોનો સોદાહરણ પરિચય કરાવો. **14**

**અથવા**

(1) ટૂંકનોંધ લખો : વાક્યના પ્રયોજનમૂલક પ્રકારો

(2) ટૂંકનોંધ લખો : વાક્યના કારકલક્ષી પ્રકારો.

(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેના પ્રશ્નોના ઉત્તર આપો : **3**

(1) 'નેત્રજળે નવડાવીશ પ્રભુ રામેશ્વર' - પંક્તિ કયો કાળ દર્શાવે છે ?

(ક) વર્તમાનકાળ (ખ) ભવિષ્યકાળ (ગ) ભૂતકાળ

(2) 'ને ન'તું આપવું તોયે, <u>અપાઈ ગયું મુજથી</u>' - વાક્યનો પ્રકાર જણાવો.

(ક) કર્તરિ (ખ) કર્મણિ (ગ) પ્રેરક

(3) 'કાલે જો સૂરજ ઊગે તો કહેજો કે

મારી બિડાયેલી આંખમાં એક આંસુ સૂકવવું બાકી છે.' – પંક્તિની વાક્યરચના જણાવો.

(ક) સાદું વાક્ય (ખ) સંયુક્ત (ગ) સંકુલ

---